અ.મુ.સ.શ્રી(સા.ન્યા) ના અધ્યક્ષપદે તજજ્ઞ સમિતિની તા.૩૦/૦૫/૨૦૨૩ના રોજ ૦૪:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે પેટા તજજ્ઞ સમિતિની બેઠક તા.૩૦/૦૫/૨૦૨૩ના રોજ ૦૪:૦૦ કલાકે મળેલ.બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષચર-૧ મુજબ છે. ઉપસ્થિત અધિકારીશ્રીઓને આવકારી સંયુક્ત સચિવશ્રી (સ.સુ.) દ્વારા બેઠકની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

○ **એજન્ડા નં. ૧** :- ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળની ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી હસ્તકના કુલ ૨૭(૨૦+ ૭ એકાકી સંવર્ગો) સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી

.

➢ કાર્યવાહી: ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળનીભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી હસ્તકના નીચે ટેબલ-૧ માં દર્શાવેલક્રમ (૧) થી (૨૦) સંવર્ગો તેમજ ટેબલ-૨ નાં ક્રમ (૧) થી (૭) મુજબનાં એકાકી સંવર્ગોની કામગીરીને અનુરૂપ સમાન પ્રકારના સંવર્ગ ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં ન હોવાથી ઉક્ત સંવર્ગોની કામગીરીને ધ્યાને લઇ કયા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ ફરજ બજાવી શકે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. સંવર્ગોની કામગીરી, ભરતી નિયમો તેમજ મંજુર થયેલી જગ્યાને ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

ટેબલ-૧

ઉદ્યોગ અને ખાણ વિભાગહેઠળની ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરીહસ્તકના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાંઆવેલ દિવ્યાંગતા

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલી જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D&E | A | B | C | D&E | |
| ૧ | લેબોરેટરી આસિસ્ટંટ | 3 | ૬ | | - | Dw, AAV, LC, CP | - | - | HH | Dw, AAV, LC, CP, SD | - | - |
| ૨ | સીનીયર લેબોરેટરી આસિસ્ટંટ | 3 | ૪ | | - | Dw, AAV, LC, CP | - | - | HH | Dw, AAV, LC, CP, SD | - | - |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | કેમિકલ આસિસ્ટંટ | ૩ | ૬ | | - | Dw, AAV, LC, CP | - | - | HH | Dw, AAV, LC, CP, SD | - | - |
| ૪ | સીનીયર કેમિકલ આસિસ્ટંટ | ૩ | ૧૦ | | - | Dw, AAV, LC, CP | - | - | HH | Dw, AAV, LC, CP, SD | - | - |
| ૫ | એનાલિટીકલ કેમીસ્ટ | ૨ | ૯ | | - | Dw, AAV, LC, CP | - | - | HH | Dw, AAV, LC, CP, SD | - | - |
| ૬ | કેમીસ્ટ | ૧ | ૨ | | - | Dw, AAV, LC, CP | - | - | HH | Dw, AAV, LC, CP, SD | - | - |
| ૭ | મદદનીશ નકશાગાર | ૩ | ૨ | | D, HH | OL, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD | - | D, HH | OA, BA, OL, BL, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD | Mobility and bilateral hand activities of the person should be adequate. The incumbent should be considered with aids and appliances wherever necessary. |
| ૮ | નકશાગાર | ૩ | ૫ | | D, HH | OL, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD | - | D, HH | OA, BA, OL, BL, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD | |
| ૯ | સીનીયર નકશાગાર | ૩ | ૩ | | D, HH | OL, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD | - | D, HH | OA, BA, OL, BL, Dw, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD | |
| ૧૦ | મદદનીશ ડ્રીલર | ૩ | ૨૦ | | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૧૧ | ડ્રીલર | ૩ | ૨૪ | | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૧૨ | ટ્રેસર | ૩ | ૪ | | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૧૩ | સર્વેયર | ૩ | ૮૮ | | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૧૪ | માઇન્સ સુપરવાઇઝર | ૩ | ૧૩૪ | | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | રોયલ્ટી ઇન્સ્પેકટર | 3 | ૯૬ | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૧૬ | મદદનીશ ભુસ્તરશાસ્ત્રી | ૨ | ૫૫ | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૧૭ | મદદનીશ નિયામક | ૧ | ૫ | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૧૮ | ભુસ્તરશાસ્ત્રી | ૧ | ૨૮ | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૧૯ | સીનીયર ભૂસ્તરશાસ્ત્રી | ૧ | ૫ | - | LC, AAV | - | - | - | LC, AAV | - | - |
| ૨૦ | અધિક નિયામક | ૧ | 3 | - | LC, AAV | - | | - | LC, AAV | - | - |

ટેબલ-૨

**એક સંખ્યાબળ ધરાવતા (Cadre Strength) સંવર્ગો**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કેરટેકર(ડીઓનાઇઝર) | 3 | ૧ | - | D, HH | OA,OL, OAL,Dw AAV,LC, CP,SD, SI | | - | D, HH | OA,OL, OAL,Dw AAV,LC, CP,SD, SI | - |
| ૨ | મિસ્ત્રી | 3 | ૧ | - | - | Dw, AAV, LC, CP | | - | - | Dw, AAV, LC, CP | - |
| 3 | કેરટેકર(ઇલેકટ્રીકલ) | 3 | ૧ | - | - | Dw, AAV, LC, CP | | - | - | Dw, AAV, LC, CP | - |
| ૪ | સીનીયર સર્વેયર | 3 | ૧ | - | - | LC, AAV | | - | - | LC, AAV | - |
| ૫ | સીનીયર કેમીસ્ટ | ૧ | ૧ | - | - | Dw, AAV, LC, CP | | - | HH | Dw, AAV, LC, CP, SD | - |
| ૬ | ચીફ કેમિસ્ટ | ૧ | ૧ | - | - | Dw, AAV, LC, CP | | - | HH | Dw, AAV, LC, CP, SD | - |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | નાયબ નિયામક (એફ.એસ.) | ૧ | ૧ | - | - | LC, AAV | | - | - | LC, AAV | - |

○ **<u>એજન્ડા નં. ૨</u>** :- <u>શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ</u> હેઠળના રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી(રોજગાર પાંખ) હસ્તકના ૧(એક) સંવર્ગ માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ <u>કાર્યવાહી</u> :- શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી(રોજગાર પાંખ) હસ્તકના નીચે દર્શાવેલ ૧(એક) સંવર્ગ માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવેલ. શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આ સંવર્ગોમાં, ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા રજુઆત કરવામાં આવેલ. રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી(રોજગાર પાંખ) હસ્તકના સંવર્ગની કામગીરી વિશે તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી(રોજગાર પાંખ) હસ્તકના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | જુનિયર કલાર્ક | 3 | ૨૦૯ | LV (40% થી 70%) | D HH (40% થી 70%) | OA, OL, BL, OAL, Dw, AAV, Mdy | - | **B, LV** | **D, HH** | **OA, OL,BL,BA,OAL, Dw, AAV, Mdy** | **SLD, ASD(M,MoD), MI, MD, ID** |

○ **<u>એજન્ડા નં. 3</u>** :- <u>ગૃહ વિભાગ</u> હેઠળના ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી હસ્તકના કુલ ૧૩ સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

➢ <u>કાર્યવાહી</u> :- ગૃહ વિભાગ હેઠળના ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી હસ્તકના નીચે દર્શાવેલ ૧૩ સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયા તેમજ સંવર્ગોનો અધિક્રમ તેમજ ભારત સરકાર દ્વારા સદર સંવર્ગોને સમાન પ્રકારના સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ, તજજ્ઞ

સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરીને નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

ગૃહ વિભાગ હેઠળના ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી હસ્તકના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E | |
| ૧ | Laboratory Assistant | 3 | 64 | - | D, HH | OA,BL, OL, OAL, LC, CP, AAV, Dw ,SI*, SD* | SLD, MI, MD involving (a) to (d) above | - | **D, HH** | **OA, OL, BL, OAL, LC, CP, AAV, Dw, SD, SI** | **SLD, MI, MD,** | Mobility and bilateral hand activities of the person should be adequate. |
| ૨ | Laboratory Technician | 3 | 99 | - | D, HH | OA,BL, OL, OAL, LC, CP, AAV, Dw ,SI*, SD* | SLD, MI, MD involving (a) to (d) above | - | **D, HH** | **OA, OL, BA, LC, CP, AAV, Dw, SD, SI** | **SLD, MI, MD,** | |
| 3 | Scientific Assistant | 3 | 165 | - | D, HH | OA,BL, OL, OAL, LC, CP, AAV, Dw ,SI*, SD* | SLD, MI, MD involving (a) to (d) above | - | **D, HH** | **OA, OL, BA, LC, CP, AAV, Dw, SD, SI** | **SLD, MI, MD,** | |
| ૪ | Scinetific Officer | 2 | 162 | - | D, HH | OA,BL, OL, OAL, LC, CP, AAV, Dw ,SI*, SD* | SLD, MI, MD involving (a) to (d) above | - | **D, HH** | **OA, OL, BA, LC, CP, AAV, Dw, SD, SI** | **SLD, MI, MD,** | |
| ૫ | Deputy Director | 1 | 7 | - | D, HH | OL, BL, OA, OAL, CP, LC, Dw,AAV, SI*,SD* | SLD, MI, MD involving (a) to (d) above | - | **D, HH** | **OA, OL, BA, LC, CP, AAV, Dw, SD, SI** | **SLD, MI, MD** | |
| ૬ | Additional Director | 1 | 1 | - | D, HH | OL, BL, OA, OAL, CP, LC, Dw,AAV, SI*,SD* | SLD, MI, MD involving (a) to (d) above | - | **D, HH** | **OA, OL, BA, BL, OAL, LC, CP, AAV, Dw, SD, SI** | **SLD, MI, MD** | |
| ૭ | Director | 1 | 1 | - | D, HH | OL, BL, OA, OAL, CP, LC, Dw,AAV, SI*,SD* | SLD, MI, MD involving (a) to (d) above | - | **D, HH** | **OA, OL, BA, BL, OAL, LC, CP, AAV, Dw, SD, SI** | **SLD, MI, MD** | |
| ૮ | Director Group-II | 3 | 5 | - | D, HH | OA, OL, BL, OAL, CP, AAV, Dw, SI*,SD* | ASD(M) SLD, MI, MD involving (a) to (d) above, | - | **D, HH** | **OA, OL, BA, BL, OAL, LC, CP, AAV, Dw, SD, SI** | **ASD(M), SLD, MI, MD** | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | Director Group-I | 1 | 1 | - | D, HH | OA, OL, BL, OAL, CP, AAV, Dw, SI*,SD* | ASD(M) SLD, MI, MD involving (a) to (d) above, | - | **D, HH** | **OA, OL, BA, BL, OAL, LC , CP, AAV, Dw, SD, SI** | **ASD(M), SLD, MI, MD,** | |
| ૧૦ | Sample Warden | 3 | 11 | - | D, HH | OA,BA, OL, BL, OAL, LC, CP, AAV, Dw,Mdy, SI*,SD* | ASD(M) SLD, MI, MD involving (a) to (d) above, | | **D, HH** | **OA, OL,BL,BA, OAL, Dw, AAV, Mdy** | **SLD, ASD(M,MoD) , MI, MD, ID** | - |
| ૧૧ | Photographer | 3 | 6 | - | - | - | - | - | - | **AAV, Dw,** | - | - |
| ૧૨ | Police Photographer | 3 | 19 | | - | - | - | - | - | **AAV, Dw,** | - | - |
| ૧૩ | Armorer | 3 | 1 | - | - | - | - | - | - | - | - | - |

## <u>અધ્યક્ષ સ્થાનેથી લેવાયેલ મુદ્દો</u>

- BL & BA પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોના કેસમાં તા.૦૬/૧૨/૨૦૨૨ નાં રોજ મળેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં નિર્ણય લેવાયેલ કે આવી દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને જે તે જગા માટેની ભરતી પ્રક્રિયા માટે માન્ય રાખવા, પરંતુ આવી દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારની નિમણૂંક જે-તે સંવર્ગની કામગીરી કરવા માટે આવા દિવ્યાંગ ઉમેદવાર સક્ષમ છે કે નહિ તેવા મેડીકલ બોર્ડનાં અભિપ્રાય બાદ જ કરવાની રહેશે. આ નિર્ણય કાર્યવાહી નોંધથી સંબંધિત વિભાગને મોકલી આપેલ પરંતુ કાર્યવાહી નોંધ મર્યાદિત વિભાગોમાં જ પરીપત્રિત થયેલ હોઇ, તજજ્ઞ સમિતિનાં ઉક્ત નિર્ણયની વિગતો મુજબ બધા જ વિભાગો અમલ કરે તે માટે ઠરાવ બહાર પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો. વધુમાં હાલ ચાલતી ભરતી પ્રક્રિયામાં પણ આવા ઉમેદવારોએ જો તેઓએ સામાન્ય ઉમેદવાર/અન્ય દિવ્યાંગતા હેઠળ અરજી કરી હોય તો પણ તેઓને ભરતી પ્રક્રિયામાંથી પસાર થવાની મંજૂરી આપવાની રહેશે, એવો ઉલ્લેખ સદરહુ ઠરાવમાં કરવો એમ પણ નક્કી થયું.

અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર રહેલ અધિકારીશ્રીઓનાં આભારસહ બેઠક સમાપ્ત જાહેર કરવામાં આવી.

**<u>Code and functional classification</u>**:- Blind (**B**), Low vision (**LV**) **(40-70)%,** Deaf (**D**), [Hard of hearing(**HH**) **(40-70)%**], [Locomotor disability (**LD**) **:-** one arm (**OA**) , one leg (**OL**) , both arm (**BA**), one arm one leg (**OAL**) , both legs arms (**BLA**), both legs one arm (**BLOA**), one arm both legs **(OABL)**, both arms one leg (**BAOL**), both arms both leg **(BABL)**, one arm one leg (**OAOL**)**]**, Cerebral

palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**Dw**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability (**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**), **[**Autism Spectrum Disorder **(ASD) M**-Mild**, MoD**-Moderate], **[**Multiple Disabilities **(MD) :- (**Disabilities included in group **(A)** to **(D) )]**. Spine Deformity **(SD)** Spine Injury **(SI)** .

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(ડૉ. પાર્થ જાની)
S.P.O.M.H. અને સભ્ય
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણની કચેરી વતી.

(સુશીલ વ્યાસ)
ઉપ સચિવ અને સભ્ય
નાયબ સચિવ,(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ વતી.

(વિક્રમસિંહ જાદવ)
નિયામક અને સભ્ય
સમાજ સુરક્ષા ખાતું.

(વી.જે.રાજપુત)
કમિશનર અને સભ્ય
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

# એનેક્ષ્ચર-૧

તજજ્ઞ સમિતિની તા.30/0૫/૨૦૨૩ ના રોજ ૦૪:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
2. સંયુક્ત સચિવશ્રી, (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
3. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
4. નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
5. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ વતી ઉપ સચિવશ્રી (ક.ગ.૧) તથા સેકશન અધિકારીશ્રી
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. પાર્થ જાની
7. શ્રી વિનોદચંદ્ર ભીખાભાઇ પટેલ, બિન સરકારી સભ્ય

બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગૃહ વિભાગ તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહેલ હતાં.